ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



શીયાળામાં... ઉંઘમાંથી ઉઠાડીને ધાબળા આપવાવાળા અત્યારે, કુલર એ.સી. મુકી જવાની જગ્યાએ... સ્લીપર આપીને જતા રહ્યા...!!

# ડેટા અપગ્રેડ ન હોય તેવા કિસ્સામાં આર.ટી.ઓ.ના નિયમ મુજબ દંડ વસુલાશે

**સી.સી. ટી. વી. કેમેરાના આધારે નિયમનનો ભંગ કરતા ઝડપાયેલા વાહનચાલકોના નામ સરનામા બદલાઈ ગયા હોય તેવા કિસ્સામાં આર.ટી.ઓ. કચેરી દંડ વસુલશે**

ગાંધીનગર તા ૫

શહેરમાં ટ્રાફિક નિયમનની અમલવારી માટે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સી સી ટી વી કેમેરાના આધારે દંડ વસુલી કરવામાં આવે છે. જયારે આવા કીસ્સામાં નામ સરનામા બદલાઈ ગયા હોય તેવા કીસ્સામાં આર ટી ઓ તંત્ર દ્વારા દંડ વસુલી કરવામાં આવશે.આર ટી ઓ અપગ્રેડ ડેટાના આધારે પોતાના નિયમ મુજબ દંડ વસુલી કરશે.

શહેરમાં ટ્રાફિક નિયમનના નામે લાંબા સમયથી મીંડુ ચિતરાયુ હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. જયારે છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિક પોલીસ દ્વારા સી સી ટી વી કેમેરાના ફુટેજના આધારે વાહનચાલકો પાસેથી દંડની વસુલાત કરવામાં આવે છે. શહેરમાં વિવિધ પોઈન્ટસ પર સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવામાં આવી છે. જેમાં હેલ્મેટ તેમજ સીટ બેલ્ટ વગર જતા વાહનચાલકોને નિયમનના ભંગ બદલ ફુટેજના આધારે દંડ વસુલવામાં આવે છે.શહેરમાં સી સી ટી વી કેમેરાના આધારે ટ્રાફિક નિયમનની કડક અમલવારી માટે ટ્રાફિક તંત્ર દ્વારા વાહનચાલકો પાસેથી દંડ વસુલવામાં આવી રહયો છે. વાહનચાલકો ટ્રાફિક નિયમનનો ભંગ કરે તો ઘરે જ દંડ વસુલી માટેનો મેમો પહોંચી જાય છે જયારે આ દરમિયાન ઘણાંખરા વાહનચાલકોના નામ સરનામા બદલાઈ ગયા હોવાથી ખોટા સરનામે દંડની નોટીસ પહોંચી જતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. આવા કિસ્સામાં આર ટી ઓ દ્વારા દંડ વસુલી કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરાશે. જયારે ડેટા અપગ્રેડ ન હોય તેવા કીસ્સામાં આર ટી ઓ દ્વારા દંડ વસુલી કરવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે આર ટી ઓ દ્વારા પોતાના નિયમ મુજબ દંડ વસુલવામાં આવશે જેના પરિણામે અન્ય પ્રશ્નો ઉભા થાય તેવી પણ શક્યતા છે.

## શહેરમાં મહારાણા પ્રતાપની જન્મજયંતિ ઉજવાશે

કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, રાજપૂત સમાજ, જિલ્લા રાજપૂત સેવા ટ્રસ્ટ, રાજપૂત મહિલા મંડળ તથા ગાંધીનગરના અન્ય રાજપૂત સંગઠનો દ્વારા મહારાણા પ્રતાપની ૪૭૬ની જન્મજયંતિ અને સમાજમાં આમૂલ પરિવર્તન દિવસની ઉજવણી તા. ૯મી મેના રોજ કરવામાં આવશે. રાજપૂત સમાજના ગાંધીનગર શહેર/જિલ્લામાં વસતા સર્વે પરિવારજનોને ભવ્ય શોભાયાત્રામાં જોડાવા પરિવાર સાથે સર્વે સંસ્થાઓ વતી અપીલ કરવામાં આવી છે. સવારે ૭.૩૦ કલાકે પરંપરાગત પોશાકમાં સે-૧૭, શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ કાર્યાલય ખાતે એકઠા થઈ સવારે ૮.૦૦ કલાકે શોભાયાત્રાનું પ્રસ્થાન શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા દ્વારા કરાવવામાં આવશે. જેમાં ઘોડેસવારો, જીપો, મોટર સાયકલો પણ જોડાશે તથા પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે.ચાવડા ઉપસ્થિત રહેશે.

# વૃદ્ધ ખેડૂતની કરોડોની જમીન બારોબાર વેચી દેનાર ઝડપાયો

## બોગસ ખેડૂત ઉભો કરી બેંકમાં ખાતુ ખોલાવ્યુ ને તે ખાતાનું એટીએમ સાચા ખેડૂતોના ઘરે પહોંચતા કૌભાંડ ખુલ્યુ

ગાંધીનગર, તા. ૫

પેથાપુરના એક વૃદ્ધની પેથાપુર ગામની સીમમાં આવેલી કરોડોની કિંમતની જમીન બારોબાર વેચી દીધાનો કિસ્સો બનવા પામ્યો હતો. પંચાયતના બોગસ સિક્કાથી લઈ બોગસ ખેડૂત ઉભો કરીને બેંકમાં ખાતુ ખોલાવી દેવાયું હતું. પરંતુ બોગસ ખેડૂતને બદલે સાચા ખેડૂતને ઘરે બેંકનું એટીએમ આવતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. એલસીબીએ આ ગુનામાં મુખ્ય સૂત્રધાર આરોપીને પકડી પાડી સઘન પુછપરછ શરૂ કરી છે.

વૃદ્ધ ખેડૂત બળદેવજી ડાભીને પેથાપુરની સીમમાં સવા પાંચ વિઘા જમીન છે. આ જમીન પચાવી પાડી બારોબાર વેચી મારવા ગાંધીનગર, સુરત અને અમદાવાદના ભુમાફીયાઓએ ચાલ રમી હતી.



બોગસ ખેડૂત ઉભો કરી સે. ૧૬ની દેનાબેન્કમાં તથા કપડવંજની આઈસીઆઈસીઆઈ બેંકમાં બોગસ ખાતા ખોલાવી જમીન વેચી મારવા કાવતરૂ ઘડ્યું હતું. પેથાપુરની સોમનાથ સોસાયટીમાં રહેતા કયુર ઉર્ફે ધર્મેન્દ્ર પીડુજી વાઘેલા આ ગુનામાં મુખ્ય સૂત્રધાર હતો. એટીએમ કાર્ડ સાચા ખેડૂતના ઘરે પહોંચી જતા ભાંડો ફુટી ગયો હતો અને સે. ૭ પોલીસ મથકમાં ગુનો દાખલ થયો હતો. આ ગુનાનો મુખ્ય સૂત્રધાર કયુર ઉર્ફે ધર્મેન્દ્રને ગાંધીનગર એલસીબીની ટીમે પેથાપુર ચોકડીથી પકડી પાડ્યો છે. આ શખ્સે ખોટા સોગંદનામા બનાવી હિતેષ મકવાણા નામના સહ આરોપીને બાનાખત કરી આપ્યો હતો. એલસીબીની ટીમે આરોપીની સઘન પુછપરછ શરૂ કરી અન્ય આરોપીઓને પકડી પાડવા તજવીજ શરૂ કરી છે.

## ભાજપના પ્રદેશ પ્રભારી ડૉ. દિનેશજી શર્મા ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે

ગાંધીનગર, તા. ૫

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને પ્રદેશ પ્રભારી શ્રી ડૉ. દિનેશજી શર્મા તા. ૪ મે થી ૬ મે દરમ્યાન ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે છે. આ ત્રણ દિવસ દરમ્યાન તેઓ વિવિધ જિલ્લા/મહાનગરના સંગઠનના મુખ્ય આગેવાનો સાથે બેઠક યોજશે.

તા. ૫ મે ગુરૂવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે અમદાવાદ શહેર ભાજપના મુખ્ય અગ્રણીઓ સાથે બેઠક યોજશે. તા. ૬ મે ને શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે વડોદરા શહેરના મુખ્ય આગેવાનો સાથે અને સાંજે ૬.૦૦ કલાકે સુરત શહેરના મુખ્ય આગેવાનો સાથે બેઠક યોજશે.

શ્રી ડૉ. દિનેશજી શર્મા પદાધિકારીઓને સંગઠન સંરચના, પક્ષના આગામી કાર્યક્રમો અને વિવિધ બાબતો અંગે માર્ગદર્શન



એવુ કહેવાય છે કે જો તમારી નિયત સારી હોય તો ઈશ્વર પણ તમારી વ્હારે આવે છે. ગાંધીનગરના સે. ૭માં યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દર ગુરૂવારે શ્રમજીવી પરિવારો માટે ખિચડી પ્રસાદનું આયોજન કરાય છે. આ સાથે વાર-તહેવારે તેને અનુલક્ષી મીઠાઈ કે ફળોનું પણ અહીં વિતરણ કરાય છે. આ વખતે ઉનાળાની એટલે કે કેરીની સીઝન હતી અને ટ્રસ્ટના ઉપપ્રમુખ રેડિયો મિર્ચીની 'મેંગો યા ઠેંગો' કોન્ટેસ્ટમાં ૩૨ પેટી કેરી જીત્યા. આ કેરીઓ તેમણે ચેરિટિમાં વાપરવાનું રેડિયો પર જ વચન આપ્યું હતું. તે મુજબ આ વખતના ગુરૂવારના ખિચડી પ્રસાદ સાથે દરેક લાભાર્થીને કેરી પણ આપી વચન નિભાવ્યું છે.

## ખૂણે ખાંચરેથી...

- ૯મી મેના રોજ જિલ્લા શિક્ષણ સમિતિની મહત્વની બેઠક મળશે.
- ગાંધીનગર શહેરમાં ગરમી અને ઉકળાટને લઈ વીજ માંગમાં ભારે વધારો થવા પામ્યો છે.
- સચિવાલયમાં બઢતી પામેલા અધિકારીઓ કર્મચારીઓ નિયમિત પોસ્ટીંગ નહિ કરાતાં કર્મચારી આલમમાં ગણગણાટ શરૂ થયો છે.
- ગાંધીનગર મહાનગર પાલિકામા ચૂંટણીના હિસાબો રજુ નહિ કરનાર ૭૧ ઉમેદવારોની યાદી ચૂંટણી અધિકારીઓને મોકલી આપવામાં આવી છે.
- ગાંધીનગર અમદાવાદ વચ્ચેની બસો સમય સારણીમાં દર્શાવ્યા પ્રમાણે નહિ દોડતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.
- કોલેજોમાં એફ.વાય.ની પરીક્ષા ચાલી રહી છે તો શહેરના ઘણા બધા અધ્યાપકો સેન્ટ્રલ એસેસેમેન્ટ અને પરીક્ષાની ફરજોમાં વ્યસ્ત છે.
- ફાજલ થયેલા શિક્ષકોને તેમની મૂળ શાળામાં કે અન્ય ગ્રાન્ટ ઈનએઈડ સંસ્થાઓમાં મુકવા માટેનો એક મહત્વનો કેમ્પ આજે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં સવારે યોજાયો છે.

**રક્તદાન મહાદાન**







નિઃશુલ્ક નેત્ર નિદાન યજ્ઞ : સેક્ટર-૩/ડી ખાતે સાંઈકૃપા ટ્રસ્ટ દ્વારા નેત્ર નિદાન યજ્ઞ યોજાયો હતો. વહેલી સવારથી આરંભાયેલ નિઃશુલ્ક યજ્ઞમાં વડીલો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. સેવાભાવી તબીબોએ કાળજીપૂર્વક આંખની ચકાસણી કરી યોગ્ય નિદાન માટે માર્ગદર્શન આપ્યું હતું.

(તસવીર : કશ્યપ નિમાવત)

# અસલાલી - પીરાણા રોડ પર આવેલ ફેબ્રિકસ ફેકટરીમાં આગ

અમદાવાદ,તા. ૫

અસલાલી - પીરાણા રોડ પર કમોડ ગામ પાસે આવેલ એક ફેબ્રિકસ ફેકટરીમાં આજે વહેલી સવારે અચાનક અગ લાગી હતી. આ ઘટનામાં આસપાસના લોકોમાં દોડધામ મચી જવા પામી હતી અને ભય પ્રસરી જવા પામ્યો હતો. આ ઘટનાની જાણ ફાયરબ્રિગ્રેડને કરતાં તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી આવ્યા હતા અને સતત પાણીનો મારો ચલાવી આગનો બુઝાવવાની કામગીરી શરૂ કરી હતી. આ ઘટનાની જાણ પોલીસને કરતાં તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ શરૂ કરી હતી. ફાયરના જવાનોએ આગને કાબુમાં લીધી હતી. આ ઘટના લાખો રૂપિયાની સંપતિનું નુકસાન થયું હતું. આગ લાગવાનું કોઈ ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. આ ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ફાયરબ્રિગેડના સુત્રો મુજબ, શહેરના પીરાણા રોડ પર કમોડ ગામ પાસે આવેલ ભાગ્યોદય ફેબ્રિકસ પ્રા.લિ ફેકટરીમાં આજે વહેલી સવારે ૫:૨૨ વાગ્યાની સુમારે અચાનક આગ લાગી હતી. આ ઘટના બનતા આસપાસના લોકોનાં દોડધામ મચી જવા પામી હતી અને ભયપ્રસરી જવા પામી હતી.

# સમાજને રંજાડનારા તત્વો-દારૂ-જુગાર જેવી બદીઓ સામે સખ્તાઈથી વર્તો : મુખ્યમંત્રી

## સામાન્ય માનવીને પોલીસની હાજરીનો અહેસાસ તેની સુરક્ષા-સલામતિ માટે થાય તેવું વાતાવરણ સર્જ્યુ છે : આનંદીબેન પટેલ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાત પોલીસના અધિકારી-કર્મીઓને યુવાનો, બાળકો, મહિલાશકિત અને વરિષ્ઠ નાગરિકો સહિત સમાજ સહયોગથી પોલીસ બેડાંનું સન્માન-ગૌરવ વધારવાના સકારાત્મક પરિણામદાયી પ્રયાસોનું આહવાન કર્યુ છે.

આનંદીબહેને આ સંદર્ભમાં ઉમેર્યુ કે, ગુજરાત વિકાસની હરણફાળ ભરીને ગ્લોબલ ગેટ-વે ઓફ ઈન્ડીયા બન્યું છે અને રાજ્યની શાંતિ-સલામતિની મિશાલ દેશભરમાં અપાય છે ત્યારે પોલીસતંત્રની જિમ્મેદારી વિશેષ બની જાય છે.

મુખ્યમંત્રી ગાંધીનગરમાં ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી પરિસરમાં શરૂ થયેલી ગુજરાત પોલીસના વરિષ્ઠ અધિકારીઓ અને ગૃહ વિભાગના અધિકારીઓની દ્વિદિવસીય પરિષદના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરી રહ્યા હતા. બાયસેગ સેટેલાઈટ માધ્યમથી રાજ્યભરમાં પોલીસ અધિકારી-કર્મીઓએ મુખ્યમંત્રીના સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.





તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, પોલીસ દળની ફરજો-સેવાઓ વધુને વધુ સિટીઝન સેન્ટ્રીક-નાગરિક કેન્દ્રી બને તે માટેની સજ્જતા પોલીસદળે કેળવવી પડશે. "સમાજમાં પોલીસનો માન-મર્તબો અને આભા જ એવા હોવા જોઈએ કે ખોટું કરનારા-અસામાજીક તત્વો, ગૂનેગારો તેની હાજરી માત્રથી ફફડાટ અનુભવે અને ગેરકાનૂની કામ કરતા અટકે" તેમ મુખ્યમંત્રીએ ગુજરાત પોલીસ દળને પ્રેરક માર્ગદર્શન આપતા જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં દારૂ જેવી બદીઓ નશ્યત કરવા પોલીસ દળને સખ્તાઈથી પેશ આવવાની તાકિદ કરતાં કહ્યું કે, સમાજને રંજાડનારા તત્વોને ડામી દઈ શાંતિ-સલામતિ-સુરક્ષિતતાનું વાતાવરણ નિર્માણ કરવું એ પોલીસદળની નૈતિક ફરજ છે.

સામાન્ય માનવીને પોલીસની હાજરીનો અહેસાસ તેની સુરક્ષા-સલામતિ માટે થાય અને પોલીસ મથકમાં જતાં તેને સૌજન્યશીલતાનો અનુભવ અવસ્ય થાય તેવાં વાતાવરણની તેમણે હિમાયત કરી હતી.

પોલીસતંત્ર દ્વારા પણ જિલ્લા કક્ષાએ જે તે જિલ્લાની જરૂરીયાત મુજબ તાલીમ અને રીફ્રેશર કોર્સીસને એક સંસ્થાકીય રૂપ આપીને આયોજન કરવા તેમણે અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીએ પોલીસદળની સામાજીક સેવાઓની સરાહના કરતાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજનાનો વ્યાપ સાગરકાંઠાના ક્ષેત્રો સુધી વિસ્તારવાની નેમ દર્શાવી હતી. તેમણે ડિઝીટલ ટેકનોલોજી અને સ્માર્ટ પોલીસીંગ માટે રાજ્ય પોલીસ દળને સક્ષમ બનાવવા ક્રાઈમ રેકોર્ડના ડિઝીટાઈઝેશન, સિટી સર્વેલન્સ એન્ડ ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ તથા સ્માર્ટ પોલીસ મથકોની આવશ્યકતા સમજાવી હતી.

મુખ્યમંત્રીએ સોશ્યલ મિડીયાનો વ્યાપક ઉપયોગ કરીને સાચી-સચોટ હકિકતલક્ષી વિગતો-માહિતી નાગરિકો સુધી પહોચે તેવું મિકેનિઝમ ગોઠવવા માર્ગદર્શન આપ્યુ હતું.

ગૃહ રાજ્યમંત્રી રજનીભાઈ પટેલે ગુજરાત પોલીસ દળની કાર્યક્ષમતા, સજ્જતા અને ઉદ્યમશીલતામાં આ કોન્ફરન્સ વૃદ્ધિ કરનારી બનશે તેવો વિશ્વાસ પ્રાસંગિક વકતવ્યમાં દર્શાવ્યો હતો.

તેમણે સામૂહિક ચિંતન-મંથનનું વૈચારિક પ્લેટફોર્મ પુરૂં પાડનારી આ પરિષદ પ્રજા પ્રત્યેની સમર્પિતતા અને પોઝિટીવ ચેઈન્જનો અભિનવ પ્રયોગ બનશે તેમ જણાવતાં કહ્યું કે, શાળાના બાળકોને સારા નાગરિક બનાવવાના હેતુથી મુખ્યમંત્રીએ ની જે યોજના શરૂ કરી છે તેમાં પોલીસ અધિકારીઓ રસ રૂચિ દાખવી ઉજ્જવળ આવતીકાલના નિર્માણના સહયોગી બને.

પરિષદના પ્રારંભમાં ગૃહના અધિક મુખ્ય સચિવ તનેજાએ આવકાર પ્રવચનમાં પરિષદનો હેતુ સ્પષ્ટ કર્યો હતો. મુખ્યમંત્રીને ગુજરાત પોલીસની લોન-ટેનિસ ટિમે તાજેતરમાં મેળવેલી રાષ્ટ્રિય ચેમ્પીયનશીપ ટ્રોફી વિજેતા ખેલાડી ડી.વાય.એસ.પી. કેતન પારેખ, રવિરાજ જાડેજા એ અધિક પોલીસ મહાનિદેશક શ્રી સુરોલિયા સાથે અર્પણ કરી હતી.

મુખ્યમંત્રીએ આ ગૌરવ સિદ્ધિ માટે અભિનંદન પાઠવતાં વિજય ગાથાના સચિત્ર પ્રકાશન 'ધ લોર્ડ ઓફ ધ લોન્સ'નું વિમોચન કર્યુ હતું.

**દરેક જિલ્લામાં એક સ્માર્ટ પોલીસ સ્ટેશન : નવા પોલીસ સ્ટેશન માટે ૩૮ કરોડ સુનિશ્ચિત : પોલીસ અધિકારીઓ સાથે દ્વિદિવસીય પરિષદનો પ્રારંભ**